# Government Arts College,Kaparada
# સરકારી વિનયન કોલેજ, કપરાડા

મુ.પો.- કપરાડા, નિશાળફળિયા, પાણીની ટાંકી પાસે, તા,- કપરાડા,જી,- વલસાડ પિનકોડનં: ૩૯૬૦૬૭, સ્થાપના વર્ષ: ૨૦૧૨, ઈ-મેઈલ : gackaparada@gmail.com, web adder www.kapradacollege.org


GACK/2021/ વી.જી/540-548 DATE:08/12/2021

શ્રી એન. એ. રાજપૂત
નિવાસી અધિક કલેક્ટરશ્રી
જિલ્લા સેવા સદન, વલસાડ

વિષય:- સરકારી વિનયન કોલેજ કપરાડા ખાતે લાઈટ વ્યવસ્થા દુરસ્ત કરવા બાબત.

સંદર્ભ:-
1) અત્રેની સંસ્થાના પત્ર ક્રમાંક GACK/2021/GEB/259 Date 21/06/2021
2) અત્રેની સંસ્થાના પત્ર ક્રમાંક સ/2021 ક .કો .વિ .GEB/278-282 Date:30/06/2021
3) અત્રેની સંસ્થાના પત્ર ક્રમાંક GACK/2021/310-313 Date 10/07/2021
4) ના. ઈ./કપરાડા/દ. ગુ. વી. કં. લી./3875 તા.16/07/2021
5) અત્રેની સંસ્થાના પત્ર ક્રમાંક GACK/2021વીજ કનેક્શન/325-330 તા.19/07/2021
6) માનનીય કલેક્ટરશ્રીની કચેરી, અધિક ચીટનીશ શાખા, વલસાડ પત્ર ક્રમાંક નં એ.સી.બી./એમ. એસ. સી./વશી.3795/2021 તા.13/07/2021
7) અત્રેની સંસ્થાના પત્ર ક્રમાંક GACK/2021/લાઈટ/367-374 તા.31/07/2021
8) માનનીય નિવાસી અધિક કલેક્ટરશ્રી, વલસાડનો પત્ર ક્રમાંક નં. એસીબી/રેકર્ડ/વશી 1495/2021 તા.11/08/2021

માનનીય સાહેબશ્રી,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે આપશ્રીને જણાવતા આનન્દ થાય છે કે અત્રેની સંસ્થામાં લાઈટ વ્યવસ્થા દુરસ્ત કરવા માટે અમારી અરજી તેમજ વલસાડ જિલ્લા વહીવટી તંત્રના દિશા નિર્દેશને માન આપી તા.17/08/2021 ના રોજ R&B વલસાડ (ઈલેક્ટ્રીક શાખા) થી ડેપ્યુટી ઈજનેરશ્રી એ.ડી. ચૌધરી સાહેબ અને નાયબ ઈજનેરશ્રી ડી. એસ. ચૌધરી સાહેબ DGVCL કપરાડાથી નાયબ ઈજનેરશ્રીની ટીમ તેમજ Topsun Company ના ઈજનેરશ્રી કલ્પેશભાઈ સાહેબ ત્રણેય વિભાગથી હાજર રહી સમસ્યાનું અધ્યયન કરેલ અને ઉકેલ લાવવાના દિશામાં કાર્ય કરેલ.

તા.18/08/2021 ના રોજ R&B વલસાડ (ઈલેક્ટ્રીક શાખા) થી નાયબ ઈજનેરશ્રી ડી.એસ. ચૌધરી સાહેબ 5 જેટલા ઈલેક્ટ્રીશિયનની ટીમ લઈ સમ્પૂર્ણ દિવસ વાયરિંગમાં જોડેલ લોડને ફેજ વાઈઝ વેલેન્સનું કામ પૂર્ણ કરેલ. ત્યારથી આજ દિવસ સુધી Inverter થોડુક પણ ભટ-ભટ ની અવાજ નથી કરતું અને Transformer માં Sparking પણ નથી થતું. આમ એકવાર ભટ-ભટ અવાજ આવતા અમોએ DGVCL કપરાડાનો સમ્પર્ક કરેલ. DGVCL કપરાડા તરફથી ત્વરિત

Fault દૂર કરવામાં આવેલ. ત્યારથી કોઈ પણ પ્રકારની મુશ્કેલી નથી. ઉપરાન્ત R&B વલસાડ (ઈલેક્ટ્રીક શાખા) તરફથી નાના-મોટા કામો જેમ કે બગળેલ ટ્યુબલાઈટને રિપ્લેશ કરી ચાલૂ કરી આપેલ હતા. જે બદલ R&B વલસાડ (ઈલેક્ટ્રીક શાખા) નું સમસ્ત કોલેજ પરિવાર હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

સંદર્ભ નં 4 મુજબ DGVCL કપરાડા કચેરીએ વીજલોડને ધ્યાનમાં રાખીને જરૂરી રેટિંગનું ELCB સ્વીચ લગાવવા જણાવેલ. જેનો R&B ઈલેક્ટ્રીક શાખા વલસાડ દ્વારા અંદાજિત ખર્ચ લગભગ રૂ.50,000/- બતાવેલ. તેઓશ્રીએ R&B ધરમપુર સાથે સંકલન કરી સ્વિચ લગાડવાની કામગીરીને પણ આગામી સમયમાં પૂર્ણ કરવા અમોને મૌખિક આશ્વાશન આપેલ છે. ઉપરાન્ત જરૂર પડે તો DGVCL કપરાડા સાથે મળી જો કોઈ બાકી રહેલ કાર્ય હોય તો તે પણ સમ્પૂર્ણ પણે દુરસ્ત કરવા મૌખિક આશ્વાશન આપેલ ડેપ્યુટી ઈજનેરશ્રી R&B ધરમપુરને આ દિશામાં સહકાર આપવા અમે નમ્ર વિનંતી કરીએ છીએ.

સાહેબશ્રી R&B ધરમપુરના સાહેબશ્રીઓનો અમોને વારંવાર સહકાર મળતો રહે છે. તેઓશ્રીની કૃપા દ્રષ્ટિથી હાલ અત્રેની સંસ્થામાં વિદ્યાર્થી પાર્કિંગ અને સ્ટાફ પાર્કિંગ શેડ જેની છત લગભગ સમ્પૂર્ણ નષ્ટ થઈ ગયેલ હતું. તેમા નવા પતરા બેસાડી વ્યવસ્થિત રીતે રિપેયર કરેલ. Staircase ઉપરની ટિન છત પણ અત્યંત દયનીય હાલતમાં હતી. વરસાદ પડે ત્યારે Staircase ઉપર તેમજ ગ્રાઉન્ડ ફ્લોરમાં ઘણું પાણી પડી જતું હતું જેથી અકસ્માતનો ભય કાયમ રહેતો હતો. અને વાંરવાર પાણી કાઢી પોતુ કરવું પડતું હતું. તે પણ તા.5/12/2021 ના રોજ સમ્પૂર્ણ પણે દુરસ્ત કરી આપેલ છે. ઉપરાન્ત 8 જેટલાં બારીઓના ટૂટેલાં કાંચ, સિક્યુરિટી કેબિનનો ટૂટેલો કાંચ પણ ટૂક સમયમાં સારી રીતે રિપ્લેસ કરી દેવામાં આવશે, તેવી આશા છે. આપશ્રીની સૂચનાને અનુસરી અમે હવેથી કોલેજની એવી સમસ્યા તાલુકા સંકલનની મીટીંગમાં રજુ કરીશું.

આ બાબતમાં આપશ્રીની કચેરી, R&B વલસાડ (ઈલેક્ટ્રીક શાખા) R&B ધરમપુર, DGVCL કપરાડા તેમજ Topsun Company ના સર્વે અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ, પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહકાર આપનાર સર્વે અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓનો અમે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. આદિવાસી વિદ્યાર્થીઓનું ભાવી સુન્દર થાય તે માટે આપ તમામ સાહેબશ્રીઓ તરફથી મળેલ સહકારને આવકારીએ છીએ.

આભાર સહ,

આપનો વિશ્વાસુ.

નકલ સવિનય રવાના:

1) પ્રતિ ડેપ્યુટી ઈજનેરશ્રી, R&B ઈલેક્ટ્રીક શાખા (મા'મ) વિભાગ વલસાડ, જિ. વલસાડ
2) પ્રતિ ડેપ્યુટી ઈજનેરશ્રી, R&B ધરમપુર, જિ. વલસાડ
3) નાયબ ઈજનેરશ્રી, કપરાડા સ. ડી. DGVCL, કપરાડા
4) ટોપસન ઈનરજી લિમિ ટેડ, સર્વે નં 892, 66 KV સબસ્ટેશન Linch પાસે, At & Po- Linch, મહેસાણા, ગુજરાત
5) કાર્યપાલક ઈજનેરશ્રી ( સે. અને. ની.) દ.ગુ.વી.ક.લી. – ગ્રામ્ય વિભાગીય કચેરી – બલીઠા, વાપી
6) માનનીય ડાયરેક્ટરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં-12, જીવરાજ મહેતા ભવન જુના સચિવાલય, ગાંધીનગર
7) માનનીય પ્રાન્ત અધિકારીશ્રી ધરમપુર, જી. વલસાડ
8) સદર કોલેજ, ફાઈલ

Govt. Arts College-Kaprada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.